ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
મુખ્ય ઇજનેરશ્રીની કચેરી
ઝોન-૨, ""જલભવન", ચોથો માળ, એલીસબ્રીજ, ટાઉનહોલ પાછળ, અમદાવાદ
☎_-(૦૭૯) ૨૬૫૭૮૭૪૭, ૯૯૭૮૪૪૧૧૧૩ થી ૧૬ / 🖷 - (૦૭૯) ૨૬૫૭૫૭૧૯/ઇ-મેઇલ-**cezone2@gmail.com**

જા.નં.ઝોન-૨/અછત-૨૦૧૯/વોટર ટેન્કર/જીપીએસ સીસ્ટમ/ ૨૦૩૬ /સને ૨૦૧૯ તા.૨૪/૫/૨૦૧૯

પ્રતિ,

અધિક્ષક ઇજનેરશ્રી,

જાહેર આરોગ્ય વર્તુળ,

<u>અમદાવાદ/હિંમતનગર/મહેસાણા/પાલનપુર/નડીયાદ</u>

વિષયઃ- પીવાના પાણી માટે વપરાતા ટેન્કરમાં **GPS System** ઇન્સ્ટોલ કરવા બાબત.

સંદર્ભઃ- મુખ્ય ઇજનેરશ્રી, મોનીટરીંગ એન્ડ પ્લાનીંગ સેલ, ગાંધીનગરના પત્ર નં.મોની.સેલ/વોટર ટેન્કર/ભાવ મંજુરી/૮૭ તા.૭/૨/૨૦૧૯.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, બોર્ડ કચેરી દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૯ અંતર્ગત રાજયમાં પીવાના પાણીની તંગી નિવારવા ચલાવવામા આવતા ટેન્કરો માટે નિયત શરતો મુજબ ટેન્ડર કરવા જણાવવામાં આવેલ. જેમાં એજન્સીઓ દ્વારા ટેન્કરોમાં **GPS System** ફરજીયાત લગાવવાની રહે છે.

બોર્ડ કચેરીના સંદર્ભ હેઠળના પત્રથી પાણી પુરવઠા બોર્ડમાં કામ કરવા ઇચ્છતા **GPS System** માટેની એજન્સીની યાદી આપવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે. આ ઉપરાંત સંદર્ભીત પત્રથી **GPS System** અંગે મોનીટરીંગ કરવામાં સરળતા રહે તે હેતુસર ઝોનવાઇઝ આ એજન્સીઓ પૈકી કોઇ એકજ એજન્સીનું **GPS System** લેવા જણાવવામાં આવેલ. જેને ધ્યાને લઇ અત્રેની ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના જીલ્લાઓ માટે **LIBI Technologies, New Delhi** એજન્સીનું **GPS System** લગાવવા આપના સ્તરેથી નિયમોનુંસારની ઘટતી કાર્યવાહી સત્વરે હાથ ધરશો.

**LIBI Technologies, New Delhi** દ્વારા **GPS Devices** માટે આપેલ કવોટેશનની નકલ આ સાથે સામેલ છે. જેમાં Offer 2 (Device on Rent with yearly sim & server charge) મુજબના ભાવો ગણતરીમાં લેવાના રહેશે. આપના કાર્યક્ષેત્ર હેઠળના જીલ્લાઓ માટે ખાતા દ્વારા ચલાવવામાં આવતા ટેન્કરો માટે ઉપર જણાવેલ ઓફર આધારીત જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. જયારે એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવતા ખાનગી ટેન્કરો માટે **LIBI Technologies, New Delhi** નું **GPS Devices** લગાવવા જરૂરી સુચના આપવાની રહેશે.

સદર બાબતે અંગત લક્ષ દાખવી સત્વરે કાર્યવાહી થાય તે બાબતે આપના સ્તરેથી દરેક ક્ષેત્રિય કચેરીઓને કડક સુચના આપશો. તેમજ કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપશો.

<u>બિડાણઃ</u>- ઉપર મુજબ

(નિરવ પી. સોલંકી)
મુખ્ય ઇજનેર

નકલ રવાના પ્રતિ,

- સીનીયર મેનેજરશ્રી (ના/હિ), ઝોન-૨, અમદાવાદ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.
- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ઝોન-૨, અમદાવાદ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.